સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી
વિશ્વ તરફની
ઉડાન...

# પંખ

ISSUE : 01 | FEB 2016

## Valentine Special




http://www.facebook.com/pankhemagazine

# સંપાદકની કલમે

વાચકમિત્રો, TRAILER ISSUE ના પ્રતિભાવો મળ્યા. એકંદરે મિશ્ર પ્રતિભાવો હતા. સૌ પ્રથમ તો, તમને અમારી આ પહેલ ગમી એ માટે 'પંખ' વતી હૃદયપૂર્વક આપનો આભાર માનું છું. તમારા રચનાત્મક સૂચનો હંમેશા આવકાર્ય છે. એ સૂચનો મુજબ અમારા કામમાં જરૂરી ફેરફારો કરવાનો અમારો નમ્ર પ્રયાસ રહેશે.

પ્રેમનો ચારેબાજુથી ઉભરો જોવા મળે છે એ દિવસ એટલે વેલેન્ટાઈન ડે... અમારો આ અંક VALENTINE DAY SPECIAL છે. પ્રેમને વ્યાખ્યાયિત કરી શકાતો નથી. પ્રેમને જાણી શકતો નથી. પ્રેમનો માત્ર અનુભવ કરી શકાય છે અથવા તો કરાવી શકાય છે. પ્રેમ હોય ત્યાં હંમેશા પ્રશ્નો તો સર્જાય જ છે. મોટાભાગના ને તો એ જવાબ મળતા નથી. ને ઘણાને જવાબ મળે છે તો અસંતોષકારક મળે છે. પ્રેમ એ પાણી જેવો છે, પારદર્શક. પાણીની જેમ પ્રેમ પણ સર્જન પણ કરી શકે છે અને વિનાશ પણ નોતરી શકે છે. પ્રેમ લાઈફ સુધારી પણ શકે છે અને બગાડી પણ શકે છે. ને એથી જ પ્રેમ ને જરૂર છે એક ચોક્કસ દિશાની. બાળપણના પ્રેમની યાદ અપાવતા અમારા કવર પેજના ઉભરતા સિતારાઓ મહર્ષિ અને પ્રાચીને ટીમ 'પંખ' વતી શુભકામના...

મિત્રો, પ્રેમની સીઝન છે. પ્રેમનો માહોલ છે. તમે પણ આ રીતે જ હંમેશા પ્રેમથી અમને ભીંજવતા રહો એવી આશા સાથે... સૌને

**HAPPY VALENTINE DAY IN ADVANCE**.

-કેયુર દુધાત

સૌ પ્રથમ મારુ હ્રદય તારું થયું,
એ પછી જે કાંઈ થયું સારું થયું.
-મિલિન્દ ગઢવી

# વેંત-વાર્તા

## “વેલેન્ટાઇન-ડે”

ગ્રામ્યસહજ મનનો શહેરીજન ને પ્રશ્ન. સ્થિર રહેલી દુનિયાનો સતત દોડતી પણ ક્યાય પહોંચી ના શકતી દુનિયાને પ્રશ્ન. સૌરાષ્ટ્રના અંતરિયાળ ગામની ધૂળમાં ઉછરેલા જુવાનનો મુંબઈના ધુમાડાથી પ્રદુષિત થયેલા યંગમેનને પ્રશ્ન......

“ આ ધમાલ સેનિ સે ભઈ?! “

“આજે ૧૪ મી ફેબ્રુઆરી છે , વેલેન્ટાઇન-ડે. એની જ છે આ ધમાલ. “

“વેલનટાણ ડે? ઈ વળી સું ?

“ આ પ્રેમનો દિવસ છે. આ દિવસે બધા પોતપોતાના પ્રિયપાત્રને ગુલાબ આપે, ગુલદસ્તા આપે, ચોકોલેટ્સ, કાર્ડ્સ, ગીફટો. કેટકેટલું ગણાવું તને?”

“ પણ હું તો મારી ઝીગ્લીને રોઝ ગુલાબનું ફૂલ માથામાં ટાંકી આપું સું. અમારી વાડીમાં થાય સે. તાઝા તાઝા લાલચટ્ટક ગુલાબુ. ને ઝીગ્લીય મને તાઝા ઘીનો શેરો ને મોહનથાળ ખવડાવતી ઝ હોય. ”

“ પણ આ પ્રેમનો ખાસ દિવસ છે. પ્રેમી પંખીડાઓ આખો દિવસ સાથે ઉજવે ને એકબીજા પ્રત્યેનો પ્રેમ જતાવે. “

“પ્રેમનો કાઈ ખાસ દિવસ હોય ભઈલા? પ્રેમ હાટુ તો આખી ઝીન્દગીય ઓસી પડે. ને દેખાડો પડે ઈ કઈ પ્રેમ કેવાય ?

આનો જવાબ પેલા યંગ-મેન પાસે તો નહોતો. તમારી પાસે તો છે ને ?

**-YAGNIK VAGHASIA**

# PHOTO-STORY




Energy

The world we see is made up of energy and matter. It's also called as 'SHIVA' and 'SHAKTI'. The first relates to the male, the matter of the universe, and the latter relates to the eternal energy which is driving the matter. They're both inevitably conjugated and basic components, forever.

Our body is the matter and the soul is the energy. The thoughts can also be concluded as projections of soul.  So, If you ever feel yourself alone, Be guided by your energy from within, your higher self. Look up for the flares in the sky and fly higher pushing your limits.

**- RIKEEN DHADUK**

# ગુલાબજળ

## "પ્રેમ આકર્ષણથી ઉપરવટ બને તો વાત કર, એક જણ માટે બધુય ત્યાગવું સહેલું નથી."

પોતાની ચાર વર્ષ ગર્લફ્રેન્ડ અને છ મહિનાથી ફિઆન્સી બની ચુકેલી અંજલિને વેલેન્ટાઇન ડે પર SURPRISED કરવાના ફૂલ-પ્રૂફ પ્લાનિંગને આખરી અંજામ આપવા માટે અવિનાશે પણ કોઈકને કોલ લગાવ્યો,

"બધુ બરાબર સેટ થઇ ગયું છે ને?"

"હા સાહેબ.... તમારી ઈચ્છા પ્રમાણે બધુ તૈયાર જ છે. બસ આવી જજો ભાભીને લઇ ને સમયસર સાત વાગ્યે."

એ કોલને કટ કરીને અવિનાશે અંજલિને ફોન જોડ્યો

"હાઈ ડાર્લિંગ.... તારા માટે એક મોટી સરપ્રાઈઝ છે. બરાબર છ વાગ્યે હું તને તારા ઘરે લેવા આવીશ. બી રેડી ફોર બ્લાસ્ટ. મસ્ત સેક્સી કપડા પહેરજે. ચલ બાબાય.... મળીએ છ વાગે."

****

અવિનાશ અને અંજલિએ સાથે જ એક ફાર્મસી કોલેજમાં એડમીશન લીધું ત્યારથી જ બન્નેની લવ-સ્ટોરી શરુ થઇ. બન્ને એકઝામમાં આગળ પાછળ અને પ્રોજેક્ટવર્કમાં એક જ ટીમમાં આવતા. બન્ને એકબીજાને ખુબ ચાહતા. સાથે મુવી જોવા જતા, ગાર્ડનમાં કલાકો સાથે વિતાવતા. નાની પિકનિક પર પણ ઘણીવાર જઈ આવ્યા હતા. પોતે બન્ને સારા EDUCATED FORWARD FAMILY માંથી આવતા હોવાથી બન્નેના લગ્ન આડે કોઈ COMPLICATION પણ આવે એમ નહોતા – એ વાત એ બન્ને સારી રીતે જાણતા હતા અને જેમ નક્કી કર્યું હતું એમ જ બી.ફાર્મ પૂરું થયું પછી બન્ને એ વારાફરતી પોતપોતાના ઘરે એકબીજાની 'ઓળખાણ' કરાવી. બધૂ સેટ થઇ ગયું હતું. બન્નેની સગાઈ થયે પણ છ મહિના થઇ ગયા. ને આ છ મહિનામાં બન્નેએ લગ્નના શેરવાની-ઘરચોળાથી લઈને હનીમુન ને એ પછીના ફેમીલી પ્લાનિંગની કેટલીક ગુપ્ત ચર્ચાઓ પણ કરી લીધી હતી.

"અવિ.... મને તો બેબી-બોય જ ગમે... આપણે એનું નામ શું રાખીશું?"

"નહી....નહી... બેબી-ગર્લ જ..... નામ તારે જે રાખવું હોય એ."

"નહી... બેબી-બોય જ."

"નો.... બેબી-ગર્લ"

"એક કામ કરીએ. ટ્વીન્સ જ રાખીએ તો. એક બેબી ને એક બાબો. "

"વાઉ.... બટ... આર યુ કેપેબલ?? પેલા તારી બોડી તો જો. એક નીકળી શકે તોયે સારું. મને તો એમાં પણ ડાઉટ છે..... હહાહા."

"જાને...... બેશરમ....."
અવિનાશ ખડખડાટ હસવા લાગ્યો અને લાલ ટામેટા જેવી અંજલિ શરમથી વધુ લાલ બની ગઈ.

****

બરાબર છ ના ટકોરે અવિનાશની બ્લેક સ્વીફ્ટ ડીઝાયર કાર અંજલીના ઘર સામે આવીને ઉભી રહી. અવિએ કોલ કર્યો એટલે તરત અંજલિ બહાર આવી. વ્હાઈટ અને રેડ ફૂલ ગાઉન, ડાયમંડ નેકલેસ અને ઇઅરરિંગ્સ, છુટા વાળ ને એમાં ભરાવેલ હાર્ટશેપ ના બટરફ્લાઈસ, વ્હાઈટ હાઈહીલના સેન્ડલ.... અવિનાશે કપાળ ઉપર કિસ કરી ને કારનો લેફ્ટ ડોર ખોલી આપ્યો.
"આવો મેડમ...... આજે તો લાગે છે કે કોઈ અપ્સરા સ્વર્ગમાંથી ભૂલી પડી હોય. મારી સાથે વેલેન્ટાઈન ડે સેલીબ્રેટ કરશો? "
"શ્યોર.... એ માટે જ તો અમે છેક સ્વર્ગથી આવ્યા છીએ.... ચાલો પ્રસ્થાન કરીએ....સારથી રથ આગે લીજીએ......!!"

કારના સ્ટાર્ટ થવાના અવાજ ને દબાવતું એક ગુલાબી હાસ્ય ફરી વળ્યું. કાર શહેરની બહારના 'લોટસ' રિસોર્ટ આગળ આવીને ઉભી રહી ત્યારે અંજવાળાને અંધારાની ચાદર ઓઢાડતો સુરજ આથમી ગયો હતો. અવિનાશે નીચે ઉતરી અંજલિ માટે ડોર ખોલી આપ્યો. કારમાંથી ગુલાબ નીચે ઉતર્યું. અંદર બધે અંધારું જ હતું. કોઈ દેખાતું નહોતું. અંજલિને થોડું આશ્ચર્ય થયું. એણે અવિને પૂછ્યું,
"અવિ ક્યાં છે તારી સરપ્રાઈઝ? અહિયાં તો કોઈ દેખાતું પણ નથી. અંધારું-અંધારું જ ..........."

હજુ અંજલિ પોતાનું વાક્ય પૂરું કરે એ પહેલા જ રંગબેરંગી પ્રકાશથી વાતાવરણ ઝળહળી ઉઠ્યું. અંજલિના ફેવરીટ સોન્ગ્સના મ્યુઝીક ત્યાં બ્લેક સૂટમાં સજ્જ મ્યુઝીશીયનો વગાડતા રહ્યા. રંગબેરંગી ફૂલોના બાસ્કેટ લઈને ઉભેલી કેટલીક છોકરીઓ અંજલિ ઉપર પુષ્પવર્ષા કરતી રહી. અંજલિ તો અવાક જ બની ગઈ.
"કેવી લાગી સરપ્રાઈઝ ડાર્લિંગ?"
"બહુ જ મસ્ત. તું મને એટલો બધો પ્રેમ કરે છે અવિ ? થેંક યુ સો મચ ફોર ધીસ લવલી સરપ્રાઈઝ...."
"અરે ગાંડી.... તને મારા પ્રેમ ઉપર હજી શક છે? ને હજી તો આ શરુ થયું છે. આગે આગે દેખો હોતા હૈ ક્યાં ....."

બન્ને ટેબલ ઉપર ગોઠવાયા. અંજલિનો ફેવરીટ મોકટેઈલ લાવવામાં આવ્યો. પછી અંજલિનો ફેવરીટ સૂપ.... પછી એનું ફેવરીટ ડીનર.... અંજલિ ખુશખુશાલ થઇ ગઈ. ને એને ખુશ જોઇને અવિ પણ... પછી અવિએ ખિસ્સામાંથી એક રંગીન કાગળ કાઢ્યો અને અંજલિને આપ્યો.
"શું છે આ?"
"કરીયાણાનું લીસ્ટ છે.... શું હોય બીજું આજે? લવ-લેટર છે....ચલ મારી સામે જ વાંચ."

“ડીયર અંજલિ,  તને ખબર છે હું તને કેટલો પ્રેમ કરું છું? મારી આંખોમાં જો. બધે તું, તું ને તું જ છે. હું તારા વગર નહી જીવી શકું, એક પળ માટે પણ નહી. મારે જીવવું છે , આ સ્વપ્નીલ જગતમાં હજારો-લાખો સપના જોવા છે, ને એને તારી સાથે પુરા પણ કરવા છે. ચાલ જલ્દી જલ્દી મેરેજ કરી લઈએ, ને પછી આપણે પેલા ટ્વીન્સ વિશે પણ કંઇક કરવાનું છે ને .... આ સરપ્રાઈઝ ગમી હશે તને. આના કરતા પણ મોટી સરપ્રાઈઝ તારા માટે રાહ જોઈ રહી છે? હવે મારાથી તો રાહ નથી જોવાતી.... મારી સામે જો”

અંજલિ એટલું બોલી રહી ત્યાં જ અવિએ ઉભા થઈને એમના જીવનની ફર્સ્ટ લીપ-કિસ કરવા તૈયાર થયો. ઘણી લાંબી ચાલી આ કિસ. અવિ તો મન મુકીને વરસે જ જતો હતો. અવિની પકડ છૂટી પાડતા અંજલિ એટલું જ બોલી શકી.

“આઈ લવ યુ ટુ અવિ.... બટ આઈ એમ સોરી...”

“વ્હોટ? વ્હાય યુ સોરી?”

“ મારી પાસે પણ તને કંઇક બતાવવા માટે છે.”

અંજલિએ એ પોતાના પર્સમાંથી ડૉ સ્વાતી ચોરસિયા, એમ.ડી. ગાયનેક ના લેટરપેડ વાળો રીપોર્ટ કાઢ્યો. POLYCYSTIC OVARIAN SYNDROME.

અવિ તુટવા લાગ્યો. એના મોંમાંથી બસ એટલા જ તુટક તુટક શબ્દો નીકળી શક્યા....

“PO..LY....CYSTIC.... OVARI...AN...SYN...DROME? વ્હો.....ટ..?”

અંજલિ રડતા રડતા કહેવા લાગી,

“આજે સવારે જ કન્ફર્મ રીપોર્ટ આવ્યો. ઘણા ટાઈમથી મારી MENSTRUAL CYCLE સાવ અનિયમિત જ થઇ ગઈ હતી...ને છેલ્લા ૪ મહિનાથી તો સાવ બંધ થઇ ગઈ.... પણ મેં કંઇ ધ્યાન ના આપ્યું. હજી પરમ દિવસે જ ડૉ સ્વાતિને કન્સલ્ટ કર્યા ને રીપોર્ટસ કરાવ્યા. મારા અંડકોષ પુરા મેચ્યોર થઇ શકતા નથી, ઈનફેક્ટ ક્યારેય નહી થઇ શકે. તે દિવસે તું મજાક કરતો હતો ને કે એક બાળક માં પણ તને શંકા છે.... હા તો જો... એ શંકા સાચી પડી.... આઈ એમ વેરી સોરી અવિ... હું ક્યારેય મા નહી બની શકું.....હું તને પહેલા જ કહેવાની હતી, પણ તું ખુબ ખુશ હતો, ને આમેય તું મને એટલો પ્રેમ કરે છે કે મને મુકીને ક્યાય નહી જાય..... નહી જાય ને?”

“નાની વાત?” અવિનો ગુસ્સો થર્મોમીટરને ફાડીને બહાર નીકળી ગયો.

ને પછી પથરાયું ઘણી ક્ષણો સુધીનું ભારે મૌન... ને એ પછી અવિ ઉભા થતા બોલ્યો,

“આઈ એમ સોરી અંજલિ...એક્ચ્યુલી ઓન્લી યુ શુડ બી સોરી.... હું જાઉં છું... આપણી સગાઇ ફોક....આપણી વચ્ચે જે થયું એ બધૂ ફોક... બાળકનું મારા જીવનમાં ઘણું મહત્વ છે. તું હોઈશ કે નહી બાળક તો જોઇશે જ... હવે આપણે ક્યારેય નહી મળીએ.. ભૂલી જા બધૂ....ગુડ બાય.... ”

“પણ અવિ............”



પોતે અંજલિને કરેલા વાયદાઓ અને બતાવેલા સપનાઓ પાછળ છોડીને કારની ચાવી ઝુલાવતાં ઝુલાવતાં અવિ ઝડપભેર ત્યાંથી નીકળી ગયો, અલબત્ત અંજલિને ઘરે ડ્રોપ કરવાની તસ્દી લીધા વિના જ....

અંજલિના મુખ પર એક ખંધુ હાસ્ય રમવા લાગ્યું....

"તને શું લાગે છે અવિ? તને એક ને જ સરપ્રાઈઝ દેતા આવડે છે? મેં પણ તારી સરપ્રાઈઝ લવ-ટેસ્ટ લીધી ને એમાં તું ફેઈલ થયો ..... ને આમેય એક ફાર્માસિસ્ટ માટે એની ફ્રેન્ડ જેવી બની ગયેલી ડોક્ટરનું ડમી સર્ટીફીકેટ મેળવવું ક્યાં અઘરું છે.."

ને એને શ્રી જગદીશ વ્યાસની એક પંક્તિ યાદ આવી ગઈ.......

**ચાહવાના અર્થ અહિયાં હોય છે સૌના જુદા,**

**તે મને કેવી સરસ રીતે સમજાવ્યું પ્રિયે!**

**SHUT DOWN:-**

SURPRIZE દેવા જતા ક્યારેક પોતે જ SURPRIZED થઇ જવાતું હોય છે! વેલેન્ટાઈન ડે ઉપર પ્રેમના સુખદ આશ્ચર્ય સાથેના ગુલાબી રંગો જ સર્જાય એ જરૂરી નથી. ઘણીવાર ઘણા વર્ષોની મહેનતથી ઉછેરેલા પ્રેમનો પણ સમુળગે નાશ થાય ને આખો VALENTINE DAY જિંદગીભરની કાળી યાદ બની જાય એવું પણ બને! દિવાળી અને ઉતરાયણ જ SAFE હોય, એ જરૂરી નથી, VALENTINE DAY પણ SAFE જ જોઈએ મારા ભાઈ.......

**-YAGNIK VAGHASIA**

**(શીર્ષક પંક્તિ : હિતેન આનંદપરા)**

# લપડાક

WELL... ALL YOUNG PEOPLE......તમે તમારા ગ્રુપમાં થતી વાતો સાંભળી છે? તમને થશે કે આ કેવો સડેલો, ભંગાર, વાહિયાત, બોગસ, વિકૃત, સાવ બુદ્ધિ વગરનો પ્રશ્ન કર્યો!!!! ( હા.... 'છેલ્લો દિવસ' મુવી મેં પણ જોઈ છે.) તો પણ હું ફરીવાર પૂછીશ કે તમે તમારા ગ્રુપમાં થતી વાતો 'ખરેખર' સાંભળી છે?!

ACTUALLY.....ઘણીવાર હું પોતે પણ વિચારું છું કે મારા ગ્રુપમાં ખાસ વાતોને નામે કશું થતું જ નથી. કાં તો અમે ખાવામાં શું મંગાવીશું એની ચર્ચાઓ કરતા હોઈએ અથવા તો પોતાના મોબાઈલમાં પડ્યા હોઈએ. મોટાભાગના વડીલોને તો આપણી મોટાભાગની વાતો લવારી જ લાગતી હોય છે. જોકે એ લોકો સાવ ખોટા પણ નથી. કેમ કે MAJORITY OF GROUPS માં તો કંઈ ખાસ QUALITY DISCUSSION (ક્રિકેટ, ફિલ્મ્સ અને રાજકારણ સિવાયનું) હોતું જ નથી. હું પોતે પણ આમ બકવાસ કે લવારી કરવાને ખોટું નથી ગણતી, કારણ કે એ કૉલેજ લાઈફ નો જ એક પાર્ટ છે ને એ જ આપણને મીઠી યાદ બનીને છેક સુધી યાદ રહેવાનો છે.

હમણાં હું મારા ફ્રેન્ડસ સાથે બહાર ગયેલી ને વાતોમાં ને વાતોમાં વાત નીકળી કે, "કંઇક નવું ટ્રાય કરવાની ઈચ્છા થાય છે...." (હવે આમાં હું એ કહેવું જરૂરી સમજીશ કે મારા ફ્રેન્ડ્સ અમુક BASIC MATURITY વાળા જ છે ને મને ખોટી પાડવામાં પણ ખુબ જ EXPERT છે.) હા તો..... COMING BACK TO THE POINT..... ચર્ચા ચાલી કે શું શું ટ્રાય કરવું છે. એક છોકરીએ કહ્યું કે, સિગારેટ પીવી છે, તો એક છોકરાએ કીધું કે ચીકન તો ટ્રાય કરેલું જ છે, હવે SEA-FOOD ટ્રાય કરવું છે AND SO ON..... ત્યારે I REALIZED કે, આમાં બધું EXPLOSIVE હતું, PARENTS સામે ના કરી શકાય એવું હતું, NEGATIVE હતું....

આમાં ઘણા કહેશે કે તમે કેવી રીતે કહી શકો કે આ NEGATIVE છે? અત્યારે ભલે ના જણાય પણ જે છે એ આગળ જતા નુકશાન કરવાના જ છે ને.... જેમ કે CHRONIC SMOKER લાંબુ જીવે અને જેણે ક્યારેય કોઈ વ્યસન ના કર્યું હોય એણે કેન્સર થયું હોય...!!! પણ આ તો બધા મનને બહેલાવનારા તર્કો છે. આજના યુવાનોને બહેકાવવા સાવ સહેલા છે. એમના કોઈ અભિપ્રાયો હોતા નથી, પણ એ અભિપ્રાયોના કેદી હોય છે એનું એક કારણ હું એમ માનું છું કે આપણે કંઇ વિચાર્યા વગર જ આંધળી દોટ મૂકી દઈએ છીએ, આપણામાં અમુક મેચ્યોરીટીનો અભાવ છે, સારા પુસ્તકો અને સારી સામગ્રી વાંચવાનો આપણને કંટાળો આવે છે અને ગંદી/મગજ બગાડે એવી વસ્તુ તરફ આપણે વધુ ખેંચાઈએ છીએ. કારણ કે આપણા કોઈ STRONG VIEW નથી, આપણા ઉપર તરત બીજાનું આવરણ ચડી જાય છે ને આપણને હંમેશા એવું જ દેખાડવામાં આવે છે કે NEGATIVITY માં જ THRIL છે.

એમાં કંઈ ખોટું પણ નથી દેખાતું કે યંગસ્ટર્સને હંમેશા કંઈક

THRILLING, DIFFERENT કે ADVENTUROUS જ જોઈતું હોય. પણ સેન્સલેસ-વે માં બાઈક ચલાવવી, સ્મોકિંગ ટ્રાય કરવું/કરાવવું, બીજાને નુકશાન કરવું- એ તો જરાય યોગ્ય નથી જ ને.....

હિંમત હોય તો.... OFFICIAL સ્ટંટ-મેન તરીકે કામ કરો, આર્મી જોઈન કરો, રાફટીંગ કરો, ટ્રેકિંગ કરો..... ભરપુર ઓપ્શન્સ છે. આમાં પણ હવે આર્ગ્યુમેન્ટ થશે કે, મોંઘુ છે, ઘરેથી છૂટ નથી, પેરેન્ટ્સ નથી માનતા......જ્યાં સુધી મોંઘાનો સવાલ છે તો એમાં તો કોઈક રસ્તો તમારે જ શોધવો પડે, વધારે મહેનત કરવી પડે. ને પેરેન્ટ્સનો સવાલ છે તો હું જરૂરથી કહીશ કે, ગુજરાતના માતાપિતા સંતાનોને વધુ PAMPER કરે છે. બાળક કંઇક નવું OFFICIALLY કે VALID કરવા ઈચ્છે તો એમને છૂટ જ નથી આપતા. MY DEAR PARENTS, આમ જ કરશો તો સરવાળે નુકશાન તો તમારા સંતાનનું, તમારું અને સમાજનું જ છે ને.....

ઘણા પરિવારોમાં સંતાનને આર્મી જોઈન કરવી હોય છે, પણ તેમને છૂટ નથી અપાતી. એનું રીઝન એવું આપવામાં આવે છે કે દીકરો શહીદ થાય તો પણ દેશને કંઈ પડી નથી, દેશમાં તો કોરો ભ્રષ્ટ્રાચાર જ જોવા મળે છે. જોકે આ બાબતમાં તો હું પણ સહમત છું કે નેતાઓ તો કુતરાઓ કરતાય જાય એવા છે, કેમ કે કુતરા એમ તો વફાદાર હોય છે (આ વિષે ક્યારેક વિગતમાં ચર્ચા કરીશું). પણ ભ્રષ્ટ્રાચારની શરૂઆત કોણે કરી? તમારી પેઢીએ જ ને..... ને બીજું એ કે, છોકરો જે દિવસે આર્મી જોઈન કરશે એ દિવસે જ એવું મોટું યુદ્ધ ખેલાશે ને એ શહીદ થઇ જશે, એવું થોડું છે!! ત્યાં સુધીનું માન-સન્માન, હોદ્દો, સમાજમાં ઈજ્જત અને દેશસેવાનું મૂલ્ય ઘણું છે, ને એ માટે તમારે એને ઘરેથી દુર મોકલવાની તપશ્ચર્યા કરવી જ પડશે.... ને આમેય શહીદોની શોકસભા ના હોય, એમની તો ગૌરવયાત્રા હોય.... SO I REQUEST કે જોખમ ખેડવામાં ગુજરાતીઓ જગમશહુર છે તો ક્યારેક આવા જોખમ પણ લો, ખાસ કરીને સંતાનો આવી જવાબદાર માંગણી કરતા હોય ત્યારે.....

SO FRIENDS.... A HUMBLE REQUEST TO ALL OF YOU કે ટ્રાય કરવાની વાત છે, તો કંઈક સારું FRUITFUL ટ્રાય કરો, પોતાનો STRONG VIEW ઉભો કરો. ને છતાં તમને એમ લાગે કે આદત પડી ગઈ છે, ને જતી નથી તો ત્યારે એવી URGE વખતે મન કંઈક બીજે પરોવો.... મ્યુઝીક સાંભળો, કોઈ સ્પોર્ટ્સ રમો, કોઈ સારી બુક વાંચો, ક્યાંક ફરવા જાઓ, કંઇક લખો, કોઈ NGO/TRUST જોઈન કરીને એમાં સેવા આપો.... કંઈક કરો જે તમને, તમારા પરિવારને અને સમાજને મદદરૂપ થાય.....

SO , LET'S START A NEW, POSITIVE AND DIFFERENT ADVENTURE.

HAPPY LIVING.

YOU CAN TALK TO ME OR SHARE YOUR VIEWS AT,

manorishah@gmail.com

**-MANORI SHAH**

# લ્યો...લખાઈ ગઈ કવિતા

મારી જ ભીતરે છતાં મારાથી ગુપ્ત છે
ચર્ચાય સઘળુ મધ્યમાં કાંઠાથી ગુપ્ત છે
છે ટેરવાં અજાણ અને સોય પણ બધિર
સંધાઈ જે ગયું છે એ ટાંકાથી ગુપ્ત છે
થડની અબોલ ચીસ કુહાડીએ સાંભળી
પણ ધાર જાણતી બધું હાથાથી ગુપ્ત છે
ઉંબર, દીવાલ, દ્વાર બધા મૌન થઇ ગયાં
ખાલીપણું મકાનનું વાડાથી ગુપ્ત છે
ગૂંજ્યા કરે મહેલમાં પગરવ હજુ "અનંત"
અંદર પ્રવેશ્યું કોણ એ ઝાંપાથી ગુપ્ત છે

– અનંત રાઠોડ "અનંત"

# નવલકથા "ઐક્યોત્સવ-1"

## પ્રકરણ - 1



ફેબ્રુઆરી મહિનાની ફૂલગુલાબી ઠંડીયુક્ત આહલાદક સવારમાં સૂર્યદર્શનથી સહેજ પહેલાનો સમય. સમગ્ર શહેર યંત્રવત ધીમે ધીમે શરુ થઈ રહ્યું હતું. પક્ષીઓ અને ફૂલો તો છેક મળસ્કાના જાગી જઈને કલરવ કરતા મહેકી રહ્યા હતાં.

પોતાના સુંદર અને સ્વચ્છ-સુઘડ ગૃહમાંના રસોઈઘરમાં વહેલી સવારથી જ વ્યસ્ત આહુતિ હવે અનેક વાસણો અને ખાદ્ય-સામગ્રીઓથી છલકાતા પ્લેટફોર્મ પરની વસ્તુઓને જે તે યોગ્ય જગ્યાએ ગોઠવ્યા બાદ જ્યુસ ભરેલો જગ લઈને તે રસોઈઘર સાથે જોડાયેલા ડાઈનીંગ-હોલમાં આવી. ત્યાં તેના 'પરમેનેન્ટ પપ્પા' યજ્ઞીયભાઈ ન્યુઝપેપર વાંચી રહ્યા હતાં. આહુતિએ જ્યુસ ભરેલો ગ્લાસ આપતા તે સ્વીકારતા એ બોલ્યાં,

"બેટા, હું તને કઈ હેલ્પ કરાવું?"

"ના પપ્પા, બસ હવે કંઈ ખાસ બાકી નથી, પણ હાં... આ બંને લંચબોક્સ અને વોટરબેગ તમારી ઢીંગલીઓની સ્કૂલબેગમાં ગોઠવી આપોને..".... ચેર પર પડેલી બેગ્સ આપતા તે બોલી...

"તે બંને ક્યાં છે ? સ્કૂલે જવા માટે તૈયાર થઈ છે કે નહિ...?"

"મેં તે બંને ને નવડાવીને સ્કૂલડ્રેસ તો પહેરાવી આપ્યા છે. પણ તેના ડેડીએ બહુ બગાડી છે બંનેને...સવાર સવારમાં પણ ત્રણેયને મસ્તી કરવા સિવાય કઈ સુઝતું જ નથી..." આહુતિ બોલી અને ઉમેર્યું,

"અનેરી... અનોખી... બેટા જલ્દીથી નીચે આવો..." તે જોરથી બૂમો પાડતા બોલી. છતાં ઉપરથી તેનો કોઈ પ્રત્યુત્તર ન આવ્યો.

"મારું તો કોઈ સાંભળતું જ નથી..." થોડી ચીડ સાથે આહુતિ રઘવાઈ થઇ ગઈ.

આ સાંભળીને યજ્ઞીયભાઈ થોડું હસ્યાં. એમને હસતા જોઇને આહુતિથી ના રહેવાયું.

"પપ્પા, આમાં તમારો પણ થોડો વાંક છે હાં...તમે પણ બંનેને ખુબ લાડ લડાવીને બગાડી છે, કેટકેટલા નખરાં કરાવે છે આ બંને મને"

"બેટા, કહેવત છે ને કે 'મૂડી કરતા વ્યાજ વહાલા'.. તો મને તારી ઢીંગલીઓ તારાથી વધુ વ્હાલી જ હોવાની ને.."

પોતાના બેડરૂમમાં પ્રવેશતા જ તેનું ધ્યાન તરત તેના બેડ તરફ ગયું. ત્યાં ભીનો ટોવેલ પડ્યો હતો. આહુતીને આ વાતની સખત ચીડ હતી. તેણે તેના પતિને કેટલીવાર સમજાવ્યું હતું કે આમ ટોવેલ ન રાખવો- બેડશીટ ભીની થાય, પણ તેને ક્યારેય આ યાદ ન રહેતું. તેણે ચીડભરી નજર પોતાના પતિ સમિધ તરફ નાખી. તે બાજુમાં રહેલા સોફા પર બેઠો બેઠો આગળ ઊભેલી તેની પાંચ વર્ષની ઢીંગલી અનેરીના વાળમાં બે ચોટલીઓ વાળી રહ્યો હતો. આહુતિની ચીડને સમજીને તેનો રીપ્લાય કરતા તે એક કાન પકડીને માત્ર હોઠ ફફડાવી સ્પષ્ટ સમજાય તે રીતે ‘સોરી’ બોલ્યો. બદલામાં આહુતિએ માત્ર મંદ સ્મિત વેર્યું.

“અનોખી.... આવ બેટા અહિ.... તને હું વાળમાં ચોટલી વાળી આપું..” બેડ પર બેઠેલી  આહુતિ બોલી.

“ના, મોમ તું નહિ...મને પણ મારા ડેડી જ વાળી આપશે.”  ડોક સુધીના લાંબા તેલવાળા ખુલ્લા વાળ અને હાથમાં હેરબેન્ડ પીન અને રિબન લઇ બેસેલી અનોખી બોલી.

“મેડમ......આ મારી દીકરીઓ છે.....બિલકુલ તેના ડેડી જેવી જ ...પરફેક્ટ..” આ સાંભળી હસતા હસતા રિબન ખોલતા તે બોલ્યો.બાદ અનોખી ના વાળમાં ચોટલી બનાવવા લાગ્યો.

અનેરી તેના ડેડીની બાજુમાં પાઉડરનો ડબ્બો લઈને બેઠી અને બોલી.

“ડેડી, પછી મને ફેસ પર આ લગાવી આપજો હો......”

“ઓફકોર્સ ડીયર...” સમિધ તેની સામે જોઇને બોલ્યો અને ફરીથી અનોખીની ચોટલી બનાવવામાં વ્યસ્ત થઇ ગયો. આ દરમિયાન ‘ડેડી હું તમારા હેર કાઉન્ટ કરું હો’. કહેતી અનોખી સોફા પર ઉભી થઈને તેના વાળમાં નાની નાની આંગળીઓ ફેરવવા લાગી. અને થોડી થોડી વારે કંઇક ને કંઇક પૂછતી,‘ડેડી તમારા હેર બ્લેક અને દાદાજીના વ્હાઈટ કેમ?’ ‘મોમના લોંગ અને વેદિકા ફઇના શોર્ટ કેમ?’ અંતે તે અટકી અને બોલી,

“ડેડી કાઉન્ટ થઇ ગયા, તમારે પુરા ફિફ્ટી હેર છે.”

“ના.....અનોખી ડેડીને ફિફ્ટી-નાઈન હેર છે. મેં કાલે જ કાઉન્ટ કર્યા હતા.” અનેરી તેનો વિરોધ કરતા બોલી.

બંને પોતપોતાની રીતે સાચી હતી.કારણ કે તે બંને ને તેથી વધારે ગણતરી નહોતી આવડતી.

કિચનમાં વહેલી સવારથી જ કામ કરીને થોડી થાકેલી આહુતિ આરામથી બેડ પર બેઠી બેઠી પોતાની બે ટ્વીન દીકરીઓ અને તેના ડેડી સમિધની વાતો સાંભળતા તેને નિહાળી રહી હતી. સમિધ તેની દીકરીઓના નાના નાના કામો પણ હોંશ અને વહાલ પૂર્વક કરતો પોતે પણ સાવ નાનો થઇ જતો, તેના ચેહરા પર અસીમ આનંદ છવાઈ જતો. આવી ક્ષણો આહુતિને નિહાળવી બહુ ગમતી.

"મમ્મા....રાઈટ કયું ને લેફ્ટ કયું?.." પોતાના શૂઝ આહુતિને બતાવતા અનોખી બોલી. બદલામાં આહુતિએ સંતોષકારક જવાબ આપ્યો,

"બેટા ..આ વાળું લેફ્ટ ..લેફ્ટ લેગમાં પહેરવાનું અને આ રાઈટ .."

"હેં ડેડી?" કન્ફર્મ કરવા માટે તે સમિધ તરફ જોઇને બોલી.

"હા બેટા... પહેરીને અહી આવ, તને એની લેસીસ બાંધી આપું...."

"સમિધ...હવે તમે મેકઅપ તથા સલૂનની ટ્રેનિંગ પણ લઇ લેજો....તમારી આ દીકરીઓ મોટી થશે પછી જેવું-તેવું નહી ચલાવી લે.."

"હાસ્ત વળી.....હું તો મારી દીકરીઓનો મેક અપમેન, હેર સ્ટાઇલીસ્ટ , બોડીગાર્ડ અને ડ્રાઈવર પણ બનવાનો છું." સ્કૂલડ્રેસ માં સુસજ્જ તેની બે ક્યુટ દીકરીઓને એક એક હાથે પકડીને ચાલતો સમિધ બોલ્યો.

"સમિધ..નીચે ટેબલ પર બધું ઢાંક્યું છે, તમે બધા નાસ્તો કરી લેજો..મારી ઈચ્છા નથી.." આહુતિ બોલી. બદલામાં સમિધએ કોઈ જવાબ ના વાળ્યો.

આહુતિ પોતાના અસ્તવ્યસ્ત બેડ ને ઠીક કરી રહી હતી એટલામાં જ સમિધ પાછો આવ્યો. તેને જોતા જ તે બોલી..

"હા .. સમિધ.. તમને કહેતાં જ ભૂલી ગઈ, આજે હું આ બન્ને ને સ્કુલ મુકતી આવું. તમે હજી રેડી પણ નથી થયા. વાર લાગશે ને તમને..અને હું તો તૈયાર જ છું. સો.." નાઈટડ્રેસ નું ટીશર્ટ અને ટ્રેકપેન્ટ પહેરેલા સમિધને જોઇને તે બોલી.

"ઓહ..તો તું રેડી છે એમ?..મને નથી લાગતું....તને આવા હાલમાં જોઇને મને લાગે કે તું કામવાળી બાઈ છો, એન્જીનીયરીંગ કોલેજની HOD નહી.." થોડી જૂની સાડી પહેરેલી અને સાડીના પલ્લુને કમરમાં ખોસીને હાથમાં સાવરણી પકડેલ આહુતિ ને જોઇને તે બોલ્યો.

"આપણા ઘરને સ્વચ્છ રાખવા આપણે પોતે જ કામવાળા બનવું પડે, પ્રોફેશનલ કામવાળા ઘરને ઘરની જેમ સાફ ન કરે.. તમને અમારું સ્ત્રીઓનું આવું ગણિત નહિ સમજાય. હવે તમે જલ્દીથી જઈને પહેલા નાસ્તો કરી લો. તમારૂ ફેવરીટ છે બધું, ઠંડુ થઇ જશે..."

"તું પણ આવ ને..."

"ના.... હું તો બધું બનાવીને જ ધરાઈ ગઈ છું. મને જરાય ઈચ્છા નથી.."

"ઓકે...તો મારે પણ નથી ખાવું...." આહુતિના હાથમાં રહેલી સાવરણી દુર ફેંકી એની કમર પર બે હાથ વીંટાળી તેને પોતાની તરફ ખેંચતા સમિધ બોલ્યો.

"આ શું કરી રહ્યા છો? છોડો મને...તમે...." પોતાની જાતને સમિધની પકડમાંથી બચાવવાનો વ્યર્થ પ્રયત્ન કરતી આહુતિ આમતેમ ફાંકા મારતી રહી ને પછી શાંત થઇ ગઈ. છ ફૂટ જેટલા ઊંચા, ખડતલ, મજબુત બાંધાના સમિધનો નીચે ઝુકેલો ચેહરો આહુતિની અર્ધખુલ્લી આંખોને ઘડીક જોતો રહ્યો ને પછી રીમલેસ ચશ્માની મદદથી શાર્પ બનેલી એની નજર આહુતીની લાગણીસભર આંખોને વાંચતી રહી..... ( ક્રમશ: )

**- ડૉ અવનિ માણસુરિયા**

# SHINE IN THE MINE...

पाट ना पाया मीठा पानी,
ओर-छोर की दूरी रे।
मन कस्तूरी रे,
जग दस्तूरी रे,
बात हुई ना पूरी रे।



વરુણ ગ્રોવરના આ શબ્દો સમજવામાં જેટલા ભારે છે એટલા જ ચોટદાર પણ. ભાગીરથીના પવિત્ર નીર પણ તે જ સ્થળે પ્રવર્તમાન નાત-જાત, ઊંચ-નીચ, અમીર-ગરીબ જેવા કેટલાય ભેદભાવને ભૂંસી શક્યા નથી. "મન કસ્તુરી" નામક આ રચના છે મસાન નામક નીરજ ઘેયવન રચિત ફિલ્મની.

દરેક શહેરનું પોતાનું એસેન્સ, એક ફ્લેવર હોય છે જે બખૂબી આ કૃતિમાં વર્તાય છે. જેમ સુજોય ઘોષની "કહાની"માં કોલકાતા, મનીષ શર્માની "બેન્ડ બાજા બારાત"માં દિલ્લી એક શહેર નહી પરંતુ એક કેરેક્ટર હોય એવું લાગે એમ "મસાન"માં બનારસ પોતે જ એક કેરેક્ટર છે.

વાર્તા છે જીવનના મૃત્યુ સાથેના સંબંધની, પ્રેમના અધ્યાત્મ સાથે કનેક્શનની. ફિલ્મમાં બે વાર્તાઓ છે જેમાંથી એકમાં મૃત્યુ અને બીજામાં જન્મનું આત્મીય જોડાણ સરસ રીતે દર્શાવ્યું છે. બન્ને વાર્તાઓ અલગ જ ગતિથી આગળ વધતી હોવા છતાં અંતે સાથે મળે છે. લેખક છે વરુણ ગ્રોવર જે સાહિર લુધિયાણવી, અશોક ચક્રધર, જીગર મુરાદાબાદી, શરદ જોશી તથા નઝિર અકબરાબાદી જેવા લેખકો ને વાંચીને પુખ્ત થયા છે. એમનું આ પ્રથમ મુવી હોવા છતાં અદભુત રીતે કંડારેલી એક એક પળ જોવા લાયક છે.

કેમેરા વર્કથી લઈને સ્ક્રીન-પ્લે સુધી દરેક પાસાંમાં અવ્વલ આવતી આ ફિલ્મ એક્ટિંગમાં પણ એટલી જ દમદાર. એક વાર્તામાં રિચા ચઢ્ઢા, સંજય મિશ્રા જેવા અનુભવી કલાકારો, જ્યારે બીજી વાર્તામાં વિકી કૌશલ અને શ્વેતા ત્રિપાઠી જેવા નવોદિત. છતાયે બન્ને જ વાર્તા સીટ સાથે જકડી રાખે એટલી રસપ્રદ રીતે રજુ કરાઈ છે.

સંગીત ઇન્ડીયન ઓશને આપ્યું છે અને શબ્દો લખ્યા છે વરુણ ગ્રોવરે. ત્રણ ગીતો અને દરેકની પોતાની એક શૈલી "મન કસ્તુરી" અને "ભોર" બન્ને ભારોભાર આધ્યાત્મિક છે અને તું કિસી રેલ સી એટલું જ સરળ અને તરત જીભે ચડે એવું લપળું. અમુક અન્ય ગીતો પણ ઓનલાઈન મળી શકે જે એડીટીંગથી ફિલ્મમાં નથી જેમ કે 'બન્જારાનામા'.

ફિલ્મના કલાઇમેકસનો એક મોનોલોગ છે જે ડાર્વિનના ઉત્ક્રાંતિવાદથી પ્રેરિત છે જેની એડીટના લીધે માત્ર અંત રહી ગયો છે.

"યે દુખ કાહે ખતમ નહી હોતા, બે!"

એ જ સીનમાં સળંગ કેપ્ચર થયેલ આક્રંદ જે આકસ્મિક છે અને સ્ક્રિપ્ટમાં નથી

પ્રેમ અને અધ્યાત્મના સંગમ સમાન અચૂક જોવાલાયક ફિલ્મ

## "મસાન"...

**"તું કિસી રેલ સી" ગીત દુષ્યંતકુમારની ગઝલના એક શેર પરથી લખેલ છે. આ રહી તે ગઝલ...**

મૈ જીસે ઓઢતા બિછાતા હું,
વો ગઝલ આપકો સુનાતા હું.
એક જંગલ હૈ તેરી આંખોમેં,
મૈ જહાં રાહ ભૂલ જાતા હું.
તું કિસી રેલ સી ગુઝરતી હૈ,
મૈ કિસી પુલ સા થરથરાતા હું.
મૈ તુઝે ભૂલને કી કોશિશમૈ,
અપને કિતને કરીબ પાતા હું.

**-દુષ્યંતકુમાર**

**-RIKEEN DHADUK**

# મતાંતર



( આદિત્ય... કોલેજના ફર્સ્ટ યરમાં ભણતો એક એવો છોકરો, જે હકીકતને તરત સ્વીકારી નથી શકતો. એ હંમેશા તર્ક કરે છે અને એની તાર્કિક દલીલોના જવાબો શોધવા મથે છે. જોકે એના તર્કને ઘણા 'મુર્ખામી' નું લેબલ લગાડી આપે છે અને એના સવાલોથી હંમેશા દુર રહેવાનો જ પ્રયત્ન કરે છે. બસ એક એના પપ્પા જ છે જે એના સવાલોના શક્ય એટલા જવાબો આપવા પ્રયત્ન કરીને એની જીજ્ઞાસાવૃત્તિને સંતોષે છે. આથી આદિને એના પપ્પા સાથે સારું ફાવે છે. )

એમ તો આદિ પપ્પા સાથે ઘણીવાર મંદિરે જઈ ચુક્યો છે , પણ અચાનક આ સવારે જ મંદિરે જતી વેળા પપ્પાને પૂછી લે છે.
"પપ્પા..... આપણે મંદિરે શું કામ જઈએ છીએ?"
"ઈશ્વરની પૂજા કરવા."
"ઈશ્વર ક્યાં છે?"
"આમ તો બધાના હૃદયમાં ઈશ્વર બિરાજે છે. પણ આપણે મૂર્તિમાં ઈશ્વર છે એમ માનીને એની પૂજા કરીએ છીએ."
"ઈશ્વર જો બધાની અંદર જ બિરાજતા હોય તો આવી મૂર્તિપૂજાનો શું અર્થ? એનો તો કોઈ મતલબ જ નહી ને પપ્પા."
"મતલબ? મતલબની વાત બેટા... ધંધામાં શોભે.... ધર્મમાં નહી."
"તો શું પપ્પા .... ધર્મમાં બુદ્ધિ વાપરવાની જ નહી? ને જો બુદ્ધિ વાપરવાની જ ના હોય તો ઈશ્વરે આપી શું કામ?"

"જો બેટા.... બુદ્ધિ તો વાપરવી જ જોઈએ, પણ ધર્મમાં નહી, ધર્મના કર્મકાંડોમાં, ધાર્મિક વિધિઓમાં. પહેલા તો એક શ્રધ્ધાથી ધર્મનો સ્વીકાર કરો, એનામાં વિશ્વાસ જગાવો ને પછી બુદ્ધિ ચલાવશો તો તમને પણ આનંદ થશે અને ઈશ્વરને પણ."

"પણ પપ્પા, ધાર્મિક વિધિઓ,ક્રિયાકાંડો એ ધર્મ જ થયા ને."

"નહી.... એ તો માત્ર ધર્મનો એક ભાગ છે. જયારે પૃથ્વી પર માનવજાતિનું નિર્માણ થયું ત્યારે ફક્ત આદમ જ હતો. પછી આદમને સહવાસ અને સાથ માટે કોઈકની જરૂર પડી. આથી આદમમાંથી જ ઇવનું સર્જન થયું, પછી ધીમે ધીમે સૃષ્ટિ ઉપર માનવીઓની સંખ્યા વધતી ગઈ... ત્યારે માણસને ધર્મની કઈ જરૂર જ નહોતી. કારણ કે ત્યારે માનવમાં માનવતા હતી... પછી ધીમે ધીમે દાનવતા એ પ્રવેશ કર્યો. રામાયણમાં ને બીજા ધર્મગ્રંથોમાં જે રાક્ષસોની વાત આવે છે, એ રાક્ષસો ખરેખર તો આપણી જેવા જ મનુષ્યો છે. પણ પોતાની બુદ્ધિ સન્માર્ગે વાપરવાની જગ્યાએ એ લોકો ક્યાંક બીજેજ મગજ દોડાવતા હોય છે, જેમ અત્યારે ઘણા સમાજ વિદ્રોહીઓ અથવા આતંકવાદીઓ કરે છે એમ જ. પોતાના સ્વાર્થ માટે કે પોતાનો અહમ સંતોષવા માટે ન્યાયિક સમાજમાં અસામાજિક કૃત્યો કરવા એ એક પ્રકારના રાક્ષસી કૃત્યો જ છે. ને જયારે દાનવતા વધી ત્યારે ધર્મની જરૂર ઉભી થઇ. શરૂઆતમાં ભારતવર્ષમાં એક જ ધર્મ હતો, સનાતન ધર્મ. પણ પછી પોતાના ફાયદા પ્રમાણે અને પોતાની અનુકુળતા પ્રમાણે એમાંથી ભાગલા પડતા ગયા."

"ભાગલા? ધર્મના ભાગલા? એ કેવી રીતે?

"લોકોએ શાશ્વત ઈશ્વરને મુકીને એના અનુયાયીઓની પૂજા શરુ કરી, એના અનુયાયીઓના મંદિરો બંધાવ્યા. હિન્દુ ધર્મની વાત કરીએ તો કેટકેટલા સંપ્રદાયો અને વિચારધારાઓ શરુ થઇ. બધા પોપોતાની ધર્મગાદી બચાવવાના અને એના પ્રચારમાં એટલા ઊંડા ઉતરી ગયા કે જેમ રાજગાદી-ધનદોલત-સત્તા-સંપતિ માટે ઝઘડા થાય એમ ધર્મ માટે પણ ઝઘડા શરુ થઇ ગયા. ને આ બધા વચ્ચે ધર્મનો મૂળ મુદ્દો માનવતા તો લોકો ક્યાય ભૂલી ગયા ને છેલ્લે બધા જ ધર્મ માનવતાના વિરોધી પર્યાય સમાન બની ગયા. ધર્મગ્રંથોના ખોટા અને અધુરા અર્થઘટનને લીધે માનવ જ માનવતાનો દુશ્મન બની ગયો. જો વાતોવાતોમાં મંદિર પણ આવી ગયું........"

( ક્રમશ: )

**-YAGNIK VAGHASIA**

# It's in...

ફેબ્રુઆરી મહિનો એટલે જાત-જાતના days... ટીનેજર માટે નવા નવા પ્રેમની જિજ્ઞાશા, યુવાનો માટે વધુ પ્રેમમય થવાનો સમય તો આમ ઉંમરમાં મોટા પણ મનથી યુવાનો માટે પોતાના પ્રેમ અને પ્રિય પાત્રના સાથેની યાદો તાજી કરી લેવાનો સમય.

હવે આવા ટાઇમ એ દરેક વ્યક્તિ પોતાના પ્રિયપાત્રને સરપ્રાઈઝ આપવાનું પ્લાન્નીંગ કરતાં હોય છે. અમુકવાર જયારે કાંઈ ન સુઝે ત્યારે પોતાના લુક્સ સાથે experiment કરીને પણ સામેવાળા ને ખુશ કરી શકાય.

સૌથી પહેલા Let's starts with colors . valentine's day કહો એટલે મગજ માં પહેલા તો શું આવે? Yes RED,તો આમ તો Main Red & એના Shades તથા Pink & તેના Shades ખાસ પહેરાય.

I can list out some more colors for you..

Red Shades- cherry red, rose red, crimson, ruby, wine, apple red, scarlet, berry and more.

Pink Shades- rose pink, salmon, rosewood, strawberry, hot pink, magenta.

( પ્યાર કાં પંચનામા-2 યાદ આવ્યું ને?)



Anyways so guys & Girls આ shades Google કરો & જે મળે wardrobe માં ready એ you can wear. And boys, pink કે red હવે છોકરીઓનો ઈજારો નથી રહ્યો, સારામાં સારી બ્રાન્ડ્સ બહુજ soothing pink & red આપના માટે બનાવે છે. Give it a try...

અત્યારે છોકરીઓ માટે જે લેટેસ્ટ try કરી શકાય એમ છે. એ છે peplum, jumpsuits, evergreen one-pieces, ઠંડી ની મોસમ છે તો trendy overcoats તમારા માટે અમે અમુક photos લાવ્યા છીએ.

હવે frankly આપણામાંથી ખુબ ઓછા લોકો અવું પરફેક્ટ ફિગર કે હાઈટ ધરાવતા હોય છે. so થોડી હેલ્થી છોકરીઓ માટે frills વાળું કાંઈ પણ ખુબ મદદ કરશે fat સંતાડવામાં, one-piece પહેરી શકો, even paplum પણ ,અત્યારે asymmetric tops પણ ખુબ જ ચાલે છે. asymmetric peplum પણ છે, એ પણ તમારા પર સારું લાગશે.



જો તમે short છો તો high waist jeans પર કોઈ પણ funky ટોપ પહેરી લો. અને જો fat & short છો તો એકદમ આમ ઢીલું full-sleeve sweater type નું ટોપ પહેરો, with high waist jeans & heels ખુબ સુંદર અને અલગ દેખાશો.

girls ઘરે તમારા વેલેન્ટાઈન પ્લાન વિશે ખબર નથી? નવો ડ્રેસ લાવવા પૈસા નથી? ok, here is a solution.

કોઈ પણ street market થી એક સિમ્પલ white t-shirt લાવો, એમાં ક્યાંક થોડું red હોવું જોઈએ. સિમ્પલ બ્લુ jeans સાથે પહેરો,પણ with red nail-paint. અત્યારે nail art ખુબ trendy છે. કોઈ મિત્ર પાસે કે ક્યાંક સ્પા માં જઈને મસ્ત red background માં nail-art કરાવી આવો...

So red કપડા પહેરવા જેટલું જ appealing red accessories પણ લાગશે. same way you can go for pink અને ઘરે કોઈને પ્રશ્ન કરવાનો chance પણ નહિ મળે.

Even જો red કે pink blazer કે shrug કે overcoat પડ્યો હોય તો wear it with a simple white tee કે inner, blue short & red overlap simple & elegent લાગશે.

Well આ વખતે તો sunday છે, પણ office માં પણ you can carry shades of red as a shirt, pencil- fit pants & pump(pointed). બસ બીજા કોઈ ખાસ make-up ની જરૂર નથી ના બહુ shiny dresses ની.

And young couples, saree is never outdated, get yourself a sexy, plain red saree...



Now boys....તમે કે રહી જાઓ?

Office જવાનું છે તો wear a peach as પિંક as lighter shade નો shirt, red tie & black pent. red લાઈનીંગ વાળો shirt will also look good.

I will suggest કે જો dancing party સિવાય જો date પર કે just આમ dinner પર જવાના હોવ તો don't wear red shirt.

બાકી બેસ્ટ તો red જેકેટ કે બ્લેઝર, red checked જેકેટમાં ફોટો થી આઈડિયા આવશે કે કેટલુ stylish છતાં casual છે casual લુકમાં red and black કે red and white striped t-shirt, red checked shirt પણ જીન્સ સાથે પહેરી શકો.

ઇવન તમે આનાથી ઊંધું પણ try કરી શકો red and white કે red lining વાળો shirt, off white બ્લેઝર and cream pent આ હા હા .. surely handsome લાગસો.

હવે અમુક વાર કપડા કે એમ short પીરીયડમાં બદલવું શક્ય ના હોય કે પછી ખર્ચો ના કરવો હોય તો change your hair-style કે beard સાથે experiment કરી શકો

Trust me being a girl, એકદમ stylish beard વાળા છોકરાઓ always attractive લાગે છે જો હમણાથી shave ના કર્યું હોય તો ક્યાંક saloonમાં જઈને કોઈ stylish beard set કરાવી લો.

And આ વેલેન્ટાઈન ડે છે તો એના નામે કોઈ red કે maroon કે brownish red baseના loafers લઇ જ લો. કોઈ પણ party કે functionમાં તમને કામ લાગશે.

**-MANORI SHAH**

# CATALYST

સ્વતંત્રતા અને સ્વચ્છંદતામાં ફરક છે, એક પાતળી ભેદરેખાનો, જેને આપણે જોઇને પણ વણજોઈ કરીએ છીએ. સ્વતંત્રતા સ્વીકારવા લાયક બાબત છે પણ સ્વચ્છંદતા તદ્દન સ્વાર્થી પ્રકૃતિ દર્શાવે છે.

કોઈને હું કઈ કરૂ એ ગમતું નથી એથી મારે શું? મારે શું કામ કોકનું વિચારવું? આપડે તો આપણને જે ગમશે, જ્યાં મન ચોંટશે એ જ કરવાના, એ નરી સ્વચ્છંદતા. આપણો આ વ્હાલો ભારત દેશ આઝાદ થયા છતાં પણ, લોકો હજુયે મન ગુલામ જ છે. ક્યાંકથી છૂટવું એ આઝાદી નથી, મનથી મુક્ત રહેવું એ જ છે ખરી આઝાદી.

આજનો માણસ કરોડોની ભીડ વચ્ચે રહે છે. સવારથી સાજ સુધી અવિરત દોડાદોડ કરે છે, અને છતાયે એકલો-અટૂલો રહે છે.મોટા શહેરોથી લઈને ગામડાઓ સુધી માણસો કીડીઓની જેમ ઉભરાય છે, પરસ્પર સંપર્કમાં આવે છે, પૈસા કમાય છે, જાતીય જીવન માણે છે ને છતાં માત્ર સ્વચ્છંદી માનસિકતાના કારણે પ્રેમના અભાવથી એમનું જીવન સુકું જ રહી જાય છે.

કોઈ કોઈ વાર આ સ્વછંદીપણું સામાજિક ગેરવ્યવસ્થા કે કોઈ અણબનાવના લીધે પણ આવ્યું હોઈ શકે. પણ માત્ર એ જ કારણથી થયું એ માનવું ભૂલભરેલું છે. કેમકે કેટલાકનું મન જાતે જ આ બધા સોફ્ટવેર જનરેટ કરતુ હોય છે. દોસ્તો ચેવ્સકી કહે છે કે, ‘ A criminal, as a rule, never possesses much will power, nor can he be said to be always in his right mind. That is why the shameful thought in his mind is so quickly converted into wicked deed.’

સ્વચ્છંદતા અહંકારને જન્મ આપે છે, જે અહંકાર દુઃખોની જનેતા છે. મહાશક્તિશાળી રાવણને પણ અહંકારના જ લીધે હારવું પડે છે.

બધાં જ રોગોનો અકસીર ઈલાજ પ્રેમ છે, એમ સ્વચ્છંદતા કે મનસ્વીવૃત્તિ પણ પ્રેમથી જ કાબુમાં આવશે. એકલતા અને એકલાપણું બેય માં ફેર છે એમ, એકલતા માણસને ખરાબ વિચારો આપે છે અને ખરાબ વિચારોથી તો માણસ નાના લડાઈ-ઝઘડાથી મોટા યુદ્ધો સુધી પહોંચ્યો છે.મનથી વિકાર પામેલા મનુષ્યને પ્રેમની શીશી સુંઘાડીયે એટલે એનું મન શાંત થશે પછી ‘મન ચંગા તો કથરોટમેં ગંગા’

‘કોક ‘દિ તો આવશે એ ડાળીને ફૂલ,
જો કરતાં રહીશું એની આગળ વસંતની વાતો.’

-અજ્ઞાત

**આફ્ટરશોક** : અત્યારે ઝાઝાં ‘પ્રેમ’ કરતા ‘વહેમ’માં વધારે હોય છે.

**-ANANT GOHIL**

# લવ ટેંક

આજની લવસ્ટોરી એટલે સવારે પ્રેમમાં પડ્યા, બપોરે પ્રપોઝ કર્યું, સાંજે મુવી જોયું, ગાર્ડનમાં કીસ કરી ને સાથે ડીનર કર્યું, રાત્રે સહશયન કર્યું ને બીજે દિવસે નવી ઘડીનો નવો દા....પ્રેમ મોજમજાનો માત્ર પર્યાય બનીને રહી ગયો છે. કોણ કોનો યુઝ કરી રહ્યું છે ને કોણ યુઝ થઇ રહ્યું છે એ કહેવું ઘણું કાઠું પડે એમ છે.

જો કે પ્રેમના કોઈ જમાના નથી હોતા. શુદ્ધ અને સાત્વિક દેશી ઘી જેવો પ્રેમ આજે પણ જોવા મળે જ છે. લૈલા-મજનું , હીર-રાંજા, રોમીઓ-જુલીએટ, સોની-મહિવાલ અને બાજીરાઓ-મસ્તાનીના વંશજો આજે પણ ક્યાંક દેખા દે છે. વીર-ઝારા, દેવદાસ અને રામ-લીલાની વાર્તાઓ ક્યાંક સજીવન થતી હોય એવું લાગે છે. જેઓ માટે પ્રેમ એ ખાલી મોજમજા નહી પણ દર્દનો વિષય છે એવા કેટલાક સાચા પ્રેમીઓ પ્રેમને જ એ દર્દની દવા માનીને એનો ઈલાજ કરવા મથે છે ને પ્રેમ માટે ફના થઇ જતા પણ અચકાતા નથી. આ વર્ગનો એક પ્રશ્ન છે- પ્રેમનો ઈઝહાર.

“હું એને કહું કઈ રીતે? ના પાડશે તો? બધા વચ્ચે ફજેતી કરી નાખશે તો? યાર....મને તો વાત કરતાય ડર લાગે છે.”– પ્રેમના ઇઝહારને અથડાતા ને લોકોના આત્મવિશ્વાસને તોડી પાડતા આવા કેટ-કેટલા સવાલો. ને જયારે છોકરી/છોકરો તમારા બેસ્ટ-ફ્રેન્ડ હોય ત્યારે,

“હું એને કહીશ ને એને નહી ગમે તો અમારી દોસ્તી પણ તૂટી જશે. ને હું એને સાવ ગુમાવી બેસીશ.” – દુનિયાની ૯૯% લવસ્ટોરી તો આમ એકબીજાના ડરને લીધે ખલાસ થઇ ગઈ ને બાકી હતી એ ૧% દુનિયાના ડરને લીધે. દુનિયા તમારા કન્ટ્રોલમાં નથી, તમે તો છુઓને. તો બસ કરી નાખો પ્રેમનો ઈઝહાર સરળ અને સીધા શબ્દોમાં-

માત્ર એક ટકો કાફી છે મહોબ્બતમાં,
બાકીના નવ્વાણું ખર્ચી નાખ હિંમતમાં
-‘મરીઝ’

આ પાર કે પેલે પાર. મુક્ત થઇ જાવ, લાગણીઓને વહેવા દો, દિલને રેઢું મુકો....પ્રેમ તો આપોઆપ બહાર આવશે. ને પ્રેમ સાચો હશે તો ઈશ્વર પણ સહાય કરશે....આમેય પ્રેમ ક્યારેય ખોટો નથી હોતો...સાચા કે ખોટા પ્રેમ કરવાવાળા હોય છે.

**-YAGNIK VAGHASIA & KEYUR DUDHAT**

# CHAMPIONS

"બસ આખો દિવસ મોબાઇલ, મોબાઈલ અને બસ મોબાઈલ જ. એના સિવાય રમવા માટે કઈ મળતું જ નથી આજ કાલ ના છોકરાઓને." એવું કેહતા જ પ્રણવના અંકલ એના ભૂતકાળ માં ખોવાઈ ગયા.

પ્રણવે ત્યારે જ પૂછ્યું "અંકલ...તમારી ફેવરીટ ગેમ કઈ હતી ?"

"ગિલ્લી ડંડા...." તરત જ એના અંકલે ઉત્સાહથી જવાબ આપ્યો.

"ગિલ્લી ડંડા?!" એ વળી શું?.....અંકલ....કેવી રીતે રમાય આ ગેમ?

સોફા પર એની બાજુમાં બેસીને એના અંકલે એને વિસ્તારપૂર્વક સમજાવતા કહ્યું, "બેટા , અમારા જમાના માં કઈ આવા અવનવા સાધનો નહોતા.... બસ..... લાકડાની બે દાંડી એક ત્રણ ઇંચ ની નાની એને અમે ગિલ્લી કહેતાં અને બીજી બે ફૂટ લાંબી લાકડી જેને દંડની જેમ વાપરતા. એય ને......શેરી માં ,ખુલ્લી જગ્યા માં જ્યાં ઈચ્છા થાય ત્યાં રમતા..."

"પછી એ બે લાકડીથી શું કરવાનું?" પ્રણવએ આતુરતાથી પૂછ્યું.

"જો હું તને સમજાવું.... સાંભળ બેટા..... ચાર મીટર વ્યાસવાળું વર્તુળ દોરી ને તેના કેન્દ્રમાં એક નાનો ખાડો ખોદી તેના પર આડી ગિલ્લી રાખવાની, ડંડા વડે ગિલ્લી પર ફટકો મારીને ને તેને હવામાં વિંઝવાની અને જો તે ફટકારવામાં સફળ રહે તો ગીલ્લીથી વર્તુળ ના કેન્દ્ર સુધીનું અંતર ડંડા વાલે માપવાનું ."

"અને જો એ ના મારી શકે તો?"

"તો અને બીજા બે ચાન્સ આપવાના અને જો એ ખેલાડી એ વખતે પણ ના મારી શકે તો આઉટ ગણાય...."

"વાઉ...... કેટલી ઇઝી અને ઇન્ટરેસ્ટીંગ ગેમ છે."

"બેટા જેટલી ઇઝી તને લાગે છે એટલી છે નહિ. કેમ કે સામેવાળો કોઈ ખેલાડી આપણે હવામાં વીંઝેલી ગીલ્લીનો કેચ કરી લે તો પણ આપણે આઉટ ગણાઈએ....



ગીલ્લી-ડંડો રમવા માટે હાથ અને આંખ નું અદભુત કો-ઓર્ડીનેશન,પકડની ક્ષમતાં અને મજબુત કાંડા જોઈએ બેટા....આમ મોબાઇલ માં જ આખો દિવસ ગેમ રમીને તમે એ ના કરી શકો...."

"અંકલ... મારે પણ ગીલ્લી-ડંડાની પ્રેક્ટીસ કરવી છે...."

"હા, ચોકકસ બેટા..." - એવું કહીને પ્રણવના કાકા ઘરના માળિયામાં ધૂળ ખાતા ગીલ્લી-ડંડો લઇ આવ્યા.

**- DHARATI DEKAWADIYA**
**& DENISHA AGHERA**

# Sci-logy




આજ કાલ બધા એ બહુ સાંભળ્યું હશે smart city, smart home.“now every thing going to become smart” પણ આમાં actually છે શું ! અને smart home ને smart બનાવવામાં કઈ technology નો ફાળો છે તે આજે જાણીએ.

આપણે જે યુગ માં છીએ ત્યાં નવી વસ્તુ નું invention એટલે જૂની વસ્તુ નું extension. smart home એટલે જ્યાં ઇલેક્ટ્રોનિક્સ ઉપકરણો ,વસ્તુઓ જેને આપણે automatic ચલાવી શકીએ અને control કરી શકીએ .

**IOT – internet of things**

IOT એ એક physical device છે. જેને વાહનો, ઈમારતો અને વસ્તુઓ ને electronics software. sensor અને network સાથે connect કરી શકાય અને ઇન્ફોર્મેશનની આપ-લે કરી શકાય.તેમજ device ને automatic અને fast બનાવી શકાય.

જેમકે IOT માં home automation જેમાં ઘરના electronice device ને control અને manage કરી શકાય .

Home automation થી lightning, heating ,ventilationઅને air conditioning માટે centralized control હોય છે. IOT નો ઉપયોગ security locks માટે પણ કરી શકાય છે. અને ઘરના બધા જ electronics device ને એકબીજા સાથે સાંકળી શકીએ છીએ.

## 2. Zigbee

Zigbee એ Bluetooth અને wi-fi કરતા ઓછો power લેતું અને ઓછી કિંમતનું personal area network છે.

બસ , આવી જ અનેક technology અને new device સાથે એક દિવસ smart city માંથી smart states and smart country બનવા લાગશે.

**-DENISHA AGHERA & DHARTI DEKAVADIYA**

# LOL!!!...🙂



# ખુલ્લા દ્વાર

પ્રસંગ અનુસાર થાઉં, કારણ તારી ખુશીનું,
તારા હાથની મહેંદીનો, આસાર બની જાઉં.

પ્રયાસ તો કરી જો, એક ડગલું ભરવાનો,
હું ચાલતી સીડીયોથીયે, આસાન બની જાઉં.

ખરતાં તારાની જેમ પણ, જો તું જોઈ લે,
વાસ્તવિકતામાં વિકસતો, આભાસ બની જાઉં.

કાળજાં કેરા તાપને, આપી દે જરા હવા,
અનરાધાર વરસતો, વરસાદ બની જાઉં.

ભલેને સામે ઉભું થઇ રહ્યું, જગત આખું,
હાથ મૂક હૈયે ને, વિશ્વાસ બની જાઉં.

**-VARUN**

તમારી કૃતિ પણ તમે અમને મોકલી શકો છો
E-mail – pankhemagazine@gmail.com

# KNOWTAMIN

Shampoo was invented in India, not the commercial liquid ones but the method by use of herbs. The word “Shampoo” itself has been derived from the Sanskrit word ”C*hampu”,* which means to massage

# TEAM

Keyur Dudhat
Yagnik Vaghasia
Rikeen Dhaduk
Manori Shah
Denisha Aghera
Dharati Dekavadiya
Anant Gohil



## Our Special thanks to

Dr. Avni Mansuriya(નવલકથા)
Anant Rathod(Poem)
Bhagyesh Patel (Photography)
Varun (ખુલ્લા દ્વાર)


pankhemagazine@gmail.com

http://www.facebook.com/pankhemagazine

09714872871

https://twitter.com/pankh_emagazine